'નરેન્દ્ર ઓન ફાયર' કહી ધાક જમાવતા આચાર્ય સામે ગ્રામજનો અને શિક્ષકોનો ડીડીઓને મોરચો

# વસોના પેટલી ગામની પ્રાથમિક શાળામાં આચાર્યની જોહુકમી સામે શિક્ષકોમાં રોષ

**શિક્ષિકાઓ** અને વિદ્યાર્થીઓ સાથે અભદ્ર વર્તનનો આક્ષેપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.13

વસો તાલુકાની પેટલી પ્રાથમિક શાળાના વિવાદાસ્પદ આચાર્ય નરેન્દ્ર પટેલ વિરુદ્ધ શિક્ષકો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આચાર્ય દ્વારા મહિલા કર્મચારીઓ સાથે અસભ્ય વર્તન, માનસિક ત્રાસ અને વિદ્યાર્થીઓને અભદ્ર પ્રશ્નો પૂછવાના ગંભીર આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારીને ઉગ્ર લેખિત રજૂઆત કરવામાં આવી છે.

પટેલી પ્રાથમિક શાળામાં આયોજિત 'બાલ્યાર્પણ' કાર્યક્રમની પૂર્વતૈયારીના નામે આચાર્યની જોહુકમી પરાકાષ્ઠાએ પહોંચી હતી. તેમણે તમામ શિક્ષકોને સવારના 10 વાગ્યાથી રાત્રિના 1-00 વાગ્યા સુધી શાળામાં રોકી રાખ્યા હતા. આ દરમિયાન નાનાં બાળકો ધરાવતી મહિલા શિક્ષિકાઓએ ઘરે જવાની પરવાનગી માંગતા આચાર્યે અપશબ્દો બોલી તેમની માંગણી ઠુકરાવી દીધી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

આચાર્ય નરેન્દ્ર પટેલ પર ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓને પુખ્તાવસ્થાના શિક્ષણના નામે અલગ બેસાડી અત્યંત બીભત્સ અને અભદ્ર પ્રશ્નો પૂછ્યા હોવાનો ગંભીર આક્ષેપ છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, આચાર્ય મિટિંગ દરમિયાન મોબાઈલ ફોન જપ્ત કરી લેતા અને રૂમના બારી-બારણાં બંધ કરી માનસિક ત્રાસ આપતા હતા. તેઓ અવારનવાર 'નરેન્દ્ર ઓન ફાયર' જેવા શબ્દોનો પ્રયોગ કરી અને ઉચ્ચ સ્તરે ઓળખાણ હોવાનું કહી કર્મચારીઓને ધમકાવતા હતા. આ તમામ બાબતોને ધ્યાને રાખીને ગ્રામજનો અને શિક્ષકોએ આચાર્યને તાત્કાલિક દૂર કરી કડક તપાસની માંગ કરી છે.

### આચાર્ય અગાઉ પણ વિવાદોમાં રહ્યા છે

આ આચાર્ય અગાઉ જોરાપુરા અને સોડપુર ખાતે ફરજ દરમિયાન પણ બ્લેકમેઈલિંગ અને મારામારી જેવી ફરિયાદોને કારણે વિવાદાસ્પદ રહ્યા છે, જેના આધારે તેમની વહીવટી બદલી કરવામાં આવી હતી. હાલમાં સરકારી ગ્રાન્ટના નાણાં બાબતે પણ અનિયમિતતાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

વારાણસી જવા માટે ટિકિટ બુક કરવાના બહાને નાણાં હડપ કર્યા

# પેટલાદમાં 45 શ્રદ્ધાળુઓ સાથે ₹1.48 લાખની છેતરપિંડી થઈ

**ભાગવત** કથા પ્રવાસના નામે વડોદરાના શખ્સે છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) પેટલાદ તા.13

પેટલાદમાં વારાણસી ખાતે આયોજિત ભાગવત કથામાં જવા ઈચ્છતા 45 લોકો પાસેથી ટિકિટ બુકિંગના નામે કુલ રૂ. 1.48 લાખ ઉઘરાવી લીધા બાદ ટિકિટ ન કરાવી વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. આ મામલે છેતરપિંડી કરનાર વડોદરાના શખ્સ વિરુદ્ધ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

પેટલાદમાં રહેતા અને કર્મકાંડનો વ્યવસાય કરતા કૃણાલભાઈ ત્રિવેદીનો પરિચય સંસ્કૃત પાઠશાળામાં પૂજાપાઠ શીખવા આવતા વડોદરાના ચિરાગ મુકેશચંદ્ર જોશી સાથે થયો હતો. ચિરાગભાઈએ વારાણસીમાં 5 થી 11 માર્ચ 2026 દરમિયાન આયોજિત ભાગવત કથા પ્રવાસમાં જોડાવા અપીલ કરી હતી, જેના આધારે કૃણાલભાઈએ અન્ય 45 ભાવિકોને તૈયાર કર્યા હતા.

આ પ્રવાસ માટે વ્યક્તિદીઠ રૂ. 3300 લેખે કુલ રૂ. 1,48,500ની રકમ ચિરાગ જોશીને ગૂગલ પે દ્વારા ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવી હતી. જોકે, પ્રવાસની તારીખ નજીક આવવા છતાં ટિકિટ ન મળતા કૃણાલભાઈએ પૂછપરછ કરી હતી. જેની સામે ચિરાગભાઈએ 'એજન્ટો દ્વારા ટિકિટ બુક થઈ શકી નથી' તેવા બહાના કાઢી ઉડાઉ જવાબ આપ્યા હતા. જ્યારે પ્રવાસીઓએ પોતાના નાણાં પરત માંગ્યા ત્યારે તેણે પૈસા આપવાનો ઈનકાર કરી ઠેંગો બતાવ્યો હતો.

આખરે, છેતરપિંડીનો ભોગ બનેલા કૃણાલભાઈએ ચિરાગ જોશી સામે પેટલાદ ટાઉન પોલીસે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતા સામે સ્થાનિકોમાં આક્રોશ

# કપડવંજમાં ગટર મિશ્રિત દૂષિત પાણી આવતા રોગચાળાનો ભય

**છેલ્લા** એક વર્ષથી રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નિરાકરણ ન આવતા ભારે રોષ



(પ્રતિનિધિ) કપડવંજ તા.13

કપડવંજ નગરપાલિકાના વોર્ડ નંબર 7માં આવેલા ગોપાલપુરા વિસ્તારમાં પીવાના પાણીની લાઈન સાથે ગટરની લાઈન મિક્સ થઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ દૂષિત પાણી પુરવઠાને કારણે સ્થાનિક રહીશોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે.

આ અંગેની વિગતો મુજબ, ગોપાલપુરા વિસ્તારના રહીશ જયેશભાઈ રબારીએ નગરપાલિકાના ચીફ ઓફિસર અને વહીવટદાર સહ પ્રાંત અધિકારીને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, છેલ્લા એક વર્ષથી આ વિસ્તારના લોકો દૂષિત પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ બાબતે અગાઉ પણ અનેકવાર મ્યુનિસિપલના જવાબદાર અધિકારીઓ તેમજ ચૂંટાયેલા સદસ્યોને મૌખિક અને લેખિતમાં જાણ કરવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તંત્રની આ ઘોર બેદરકારી અને ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવામાં નહીં આવે, તો ગોપાલપુરા વિસ્તારના લોકોએ નાછૂટકે 'લોક આંદોલન' કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ફરિયાદમાં આપી છે.

# કાલસર ગામના તત્કાલીન તલાટીને રૂ.5 હજારનો દંડ

**નિર્ધારિત** સમયમાં વિગતો ન આપતા અંગત ભંડોળમાંથી દંડ ભરવા આદેશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.13

ઠાસરા તાલુકામાં આવેલા કાલસર ગામના તત્કાલીન તલાટી કમ મંત્રીએ આરટીઆઈ હેઠળ માંગેલી વિગતો પૂરી ન પાડતા રાજ્ય માહિતી આયોગે કડક કાર્યવાહી કરી છે.

ઠાસરાના અરજદારે કાલસર ગ્રામ પંચાયતના ખર્ચના વાઉચરો, બિલો અને મંજૂરીના કાગળો બાબતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરી હતી. જોકે, જવાબદાર અધિકારી દ્વારા 30 દિવસની સમયમર્યાદામાં માહિતી અપાઈ નહોતી. એટલું જ નહીં, પ્રથમ અપીલ અધિકારી (ટીડીઓ) ના હુકમ છતાં, અધિકારીની બદલી થઈ ત્યાં સુધી તેમણે કોઈ પ્રત્યુત્તર આપ્યો નહોતો. હાલમાં લલિત એન. પટેલ ફાગવેલ ખાતે વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવે છે. રાજ્ય મુખ્ય માહિતી કમિશનર ડો. સુભાષ સોની સમક્ષ ચાલેલી સુનાવણીમાં અધિકારીએ બચાવ કર્યો હતો કે તેમની પાસે અન્ય ગામનો વધારાનો ચાર્જ હતો અને અરજીઓ મોટી સંખ્યામાં હોવાથી માહિતી આપી શકાઈ નથી. જોકે, આયોગે આ ખુલાસાને ગ્રાહ્ય રાખ્યો નહોતો અને નોંધ્યું હતું કે અધિકારીએ જાણી-બુઝીને માહિતી રોકી રાખી છે. આ અંગે અધિનિયમની કલમ-20(1) મુજબ કરવામાં આવેલો આ દંડ જો 10 દિવસમાં જમા નહીં કરવામાં આવે, તો અધિકારીના પગાર-ભથ્થામાંથી કપાત કરવા આદેશ આપ્યો હતો.

# લુણાવાડામાં રાંધણ ગેસ મામલે 'ઓલ ઈઝ વેલ' ના દાવા પોકળ

**ડિજિટલ** ઇન્ડિયાના યુગમાં સર્વર ડાઉન થતા એજન્સીઓ પર ગ્રાહકોની લાંબી કતારો


તસવીરઃ ચિંતન પટેલ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.13

લુણાવાડામાં રાંધણ ગેસ મેળવવા માટે ગ્રાહકોએ સવારના 6 વાગ્યાથી લાંબી કતારોમાં ઉભા રહેવું પડી રહ્યું છે. એક તરફ તંત્ર પાસે પૂરતો જથ્થો હોવાનો દાવો કરવામાં આવે છે, તો બીજી તરફ ડિજિટલ સિસ્ટમ ખોરવાતા અને એજન્સીઓ દ્વારા જથ્થાની અછત બતાવવામાં આવતા ગ્રાહકોમાં ભારે રોષ અને ફફડાટ જોવા મળી રહ્યો છે.

લુણાવાડામાં હાલમાં સર્વર ડાઉન હોવાને કારણે ઓનલાઈન બુકિંગ સુવિધા ઠપ્પ થઈ છે અને જૂના બુકિંગ પણ આપોઆપ કેન્સલ થઈ રહ્યા છે. આ સ્થિતિમાં ગ્રાહકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. જથ્થા અંગે એજન્સી સંચાલકો અને સરકારી તંત્ર વચ્ચે પણ મતભેદ જોવા મળી રહ્યા છે. એજન્સીઓ માત્ર 25% જથ્થો આવતો હોવાનું જણાવી રહી છે, જ્યારે જિલ્લા પુરવઠા અધિકારીના જણાવ્યા મુજબ મહીસાગર જિલ્લામાં 2247 મેટ્રિક ટન ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

આ અંગે અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે, ઘરેલું ગેસમાં કોઈ કાપ નથી, પરંતુ લોકોમાં ઊભા થયેલા ભયને કારણે ધસારો વધ્યો છે અને તેનાથી સર્વર પર ભારણ વધ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિ. દ્વારા સ્વાયત્ત કોલેજોના પ્રાધ્યાપકો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના IQAC દ્વારા ઓટોનોમસ કોલેજોના પ્રાધ્યાપકો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત 'કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રોફે. નિરંજનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા NEP-2020 મુજબ આઉટકમ-બેઝડ કરિક્યુલમ ડિઝાઇન અને પાઠ્યક્રમની પુનઃરચના અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ શૈક્ષણિક સત્રોમાં શિક્ષણના આધુનિક સિદ્ધાંતો અને મૂલ્યાંકન પદ્ધતિઓ પર વ્યાખ્યાનો યોજાયા હતા, જેમાં વિવિધ કોલેજોના પ્રાધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદમાં ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સિનિયર સિટીઝન ફોરમની માસિક સભા યોજાઈ



**આણંદ** | ચિમનભાઈ એ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં લવ અને કુશ પટેલે 'સાઇલન્ટ બુક ક્લબ' દ્વારા પુસ્તક પ્રત્યે પ્રેમ કેળવી મોબાઈલની કુટેવ છોડાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સભ્યોએ ભજન અને ગીતોની પ્રસ્તુતિ કરી હતી, જ્યારે મંત્રી ભાનુભાઈ પટેલે સંસ્થાની પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમોની વિગતો આપી હતી. આ કાર્યક્રમમાં ભોજન પ્રાયોજક કમલેશભાઈ પટેલના પરિવારનું અને જન્મદિન ધરાવતા સભ્યોનું સ્મૃતિભેટ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત સભ્યો વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ મંત્રી ભાનુભાઈ ડી. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે 'મહિલા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**આણંદ** | આણંદના સરદારબાગ સ્થિત બ્રહ્માકુમારી સેવા કેન્દ્રમાં 'મહિલા સશક્તિકરણ' વિષય પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહેનોમાં આત્મવિશ્વાસ અને આધ્યાત્મિક શક્તિઓના વિકાસ માટે રાજયોગ ધ્યાન, પ્રેરણાત્મક પ્રવચનો અને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજાઇ હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓએ સમાજમાં નારી સન્માન જાળવવા અને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા. આ મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોએ વિશ્વ કલ્યાણ અને સમાજની સુખાકારી માટે શુભકામનાઓ વ્યક્ત કરી મહિલા શક્તિના મહિમાને ઉજાગર કર્યો હતો.

### કપડવંજના તેલનારના યુવાનો દ્વારા કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે સફાઈ અભિયાન



**કપડવંજ** | કપડવંજ તાલુકાના તેલનાર ગામે એમબીએના વિદ્યાર્થી પાર્થ પટેલ અને સાથી યુવાનો દ્વારા વેકેશન દરમિયાન ઐતિહાસિક કેદારેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં 30 દિવસનું ભવ્ય સફાઈ અભિયાન શરૂ કરાયું છે. યુવાનો દ્વારા મંદિર પરિસરના નવગ્રહ, સૂર્ય અને વિષ્ણુ ભગવાનના મંદિરો સહિતના આસપાસના વિસ્તારોને સ્વચ્છ અને સુવ્યવસ્થિત બનાવવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. આ પવિત્ર અને પ્રેરણાદાયક કાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય અહીં આવતા શ્રદ્ધાળુઓને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો અને પૌરાણિક વારસાનું જતન કરવાનો છે.

### કઠલાલમાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સપ્તાહ નિમિત્તે 'જાગો ગ્રાહક જાગો' અભિયાનનો પ્રારંભ



**કઠલાલ** | કઠલાલની શ્યામ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચાલનારા ગ્રાહક જાગૃતિ અભિયાન સપ્તાહનો ઉમંગભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે મામલતદાર સંગ્રામ પારેખ સહિત જિલ્લાના ગ્રાહક સુરક્ષા ફિલ્ડ ઓફિસરો અને અગ્રણીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન ગ્રાહકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવા માટે મહાનુભાવો દ્વારા પ્રેરક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ લોકજાગૃતિ અભિયાનમાં શાળાના આચાર્ય ડો. રશ્મિભાઈ રાવલ, એડવોકેટ રાજેશભાઈ વણઝારા અને સામાજિક કાર્યકરો પણ જોડાયા હતાં.

### બેંક ઓફ બરોડા દ્વારા મૃતક શિક્ષિકાના પરિવારને 5 લાખના વીમા કવચનો ચેક એનાયત કરાયો



**સંતરામપુર** | સંતરામપુર નવા બજારની બેંક ઓફ બરોડા શાખા દ્વારા પાદેડી પ્રાથમિક શાળાના સ્વ. નીરૂબેન પટેલના અવસાન નિમિત્તે તેમના પતિને સ્ટેટ ગવર્મેન્ટ સેલેરી એકાઉન્ટ અંતર્ગત 5 લાખનો વીમા ચેક અર્પણ કરાયો હતો. આ પ્રસંગે દાહોદ બેન્કના ડીઆરએમ પ્રવીણભાઈ ગાંધી સહિતના બેંક અધિકારીઓ અને વિવિધ તાલુકા શિક્ષક સંઘના પ્રમુખોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ સાથે જ ઉપસ્થિત શિક્ષકોને બેંકિંગ સેવાઓનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંગઠનોના હોદ્દેદારો, પેટા શાળાના આચાર્યો અને શિક્ષકો હાજર રહ્યાં હતાં.

### ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય 'સીવીએમયુ હેકાથોન 4.0' યોજાઇ



**આણંદ** | ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંલગ્ન ADIT અને MBIT કોલેજો દ્વારા સંયુક્ત રીતે આયોજિત બે દિવસીય 'CVMU હેકાથોન 4.0' નોંધપાત્ર સફળતા સાથે સંપન્ન થઈ. આ ઇનોવેશન ચેલેન્જમાં 40થી વધુ સંસ્થાઓની 364 ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી 134 ટીમોએ 36 કલાકના મેરેથોન હેકિંગ સત્રમાં પોતાની તકનીકી ક્ષમતાઓ દર્શાવી હતી. એન્જિનિયરિંગ, એગ્રીકલ્ચર અને ઇમરજિંગ ટેકનોલોજી જેવા વિવિધ વિષયો પર આધારિત આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓની 20 ટીમોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ ભીખુભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

### સીવીએમ યુનિવર્સિટી દ્વારા મહિલા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું



**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ અને બ્રહ્માકુમારીસના સંયુક્ત ઉપક્રમે મહિલા તારા રૂપ અનેક વિષય પર પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના ચેરમેન ભીખુભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને નેતૃત્વ ક્ષમતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતો દ્વારા પેનલ ચર્ચા યોજાઈ હતી, જેમાં મહિલાઓની સામાજિક ભૂમિકાઓ અને આધ્યાત્મિક સંતુલન જેવા વિષયો પર ગહન મંથન કરવામાં આવ્યું હતું.

### નડિયાદમાં કૃષ્ણાસ્યબાવાનો મુંડન મહોત્સવ: વિવિધ મનોરથો યોજાશે

નડિયાદ | નડિયાદના શ્રી ગોકુલનાથજી મંદિર ખાતે 24મીથી 26મી માર્ચ દરમિયાન વ્રજરત્નલાલજીના પૌત્ર કૃષ્ણાસ્યબાવાનો શુભ મુંડન પ્રસંગ ધામધૂમથી ઉજવાશે. આ અવસરે ૨૪મીએ સાંજે છાક મનોરથ અને ૨૫મીએ સવારે મંજીપુરા ગોશાળા ખાતે મુંડન વિધિ તથા બપોરે સુગમ સંગીત અને હાસ્ય દરબારનું આયોજન કરાયું છે. 26મી માર્ચના રોજ ડાકોર રોડ સ્થિત બ્રહ્મર્ષિ આશ્રમ ખાતે બ્રહ્મભોજન સાથે આ મંગલ મહોત્સવની પૂર્ણાહુતિ થશે. ગોકુલોત્સવજી મહોદયે તમામ વૈષ્ણવ સૃષ્ટિને આ અલૌકિક લ્હાવો લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

### જીસેટ કોલેજના 200થી વધુ દિગ્ગજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સ્નેહમિલન સમારોહમાં ઉમટશે

આણંદ | ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત જીસેટ કોલેજનું સ્નેહમિલન 11મી એપ્રિલના રોજ વડોદરાના 'તારા સન્સ' ખાતે યોજાશે. આ સમારોહમાં 200થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાગ લેશે, જેઓ હાલમાં ચેરમેન, સીઈઓ અને ઉદ્યોગસાહસિક જેવા પ્રતિષ્ઠિત પદો પર કાર્યરત છે. શૈક્ષણિક-ઉદ્યોગ સંબંધો મજબૂત કરવા અને પ્લેસમેન્ટ વધારવા માટે આ પ્રસંગે વિવિધ MoU પર હસ્તાક્ષર કરવામાં આવશે. આ સમારોહનું પ્રાયોજન પ્રથમ IT બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી આરતી અને કુણાલ વૈષ્ણવ સંચાલિત USA સ્થિત EXXAT સોલ્યુશન્સ દ્વારા કરાયું છે. આ પ્રસંગે CVM યુનિવર્સિટીના પ્રમુખ શ્રી ભીખુભાઇ પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આચાર્ય ડો. કૌશિકનાથ અને વિવિધ વિભાગના વડાઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે તેમના જૂના કોલેજકાળના સંસ્મરણો તાજા કરશે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની નોંધપાત્ર વ્યાવસાયિક સિદ્ધિઓ બદલ સંસ્થા દ્વારા તેમનું વિશેષ બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના બહોળા અનુભવનો લાભ સંસ્થાના વર્તમાન વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો છે.

### ખેડા ડિવિઝનની 303 બ્રાન્ચ પોસ્ટ ઓફિસો 'સહસ્ત્ર વીર ડાકઘર' જાહેર કરાઇ




**નડિયાદ** | નડિયાદના પીપલગ ખાતે આયોજિત સમારોહમાં વડોદરા પરિક્ષેત્રના PMG દિનેશકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ ખેડા ડિવિઝનની 303 પોસ્ટ ઓફિસોને 'સહસ્ત્ર વીર ડાકઘર' તરીકે સન્માનિત કરવામાં આવી હતી. ખેડા અને આણંદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં સરકારી યોજનાઓ પહોંચાડવા માટે દરેક શાખામાં બચત ખાતા અને વીમા જેવી સેવાઓના એક હજારથી વધુ કનેક્શન પૂર્ણ કરવાની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા તમામ બ્રાન્ચ પોસ્ટ માસ્તરોને સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યા હતા અને કર્મચારીઓનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.